# ગુજરાત સમાચાર

Mumbai 29 May, 2020


# શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર દ્વારા મુંબઈના આશરે અઢી લાખ મજૂરોને અન્ન-પાણીની સહાય પહોંચી

મુંબઈ,તા.૨૮

કોરોના વાયરસના ઉપદ્રવને કારણે છેલ્લાં બે મહિનાથી ચાલી રહેલ લોકડાઉનને લીધે અનેક ફ્રન્ટલાઈનર્સ, દદીઓ, શ્રમિકો, કામગારો અને પ્રાણીઓને માટે અસ્તિત્વ ટકાવવું પડકારજનકબન્યુંછે. ત્યારે આપત્તિના આ સમયે 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરદ તેમના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી આ દરેક સમુદાયની સુરક્ષા અને સહાયમાટે વિશ્વભરના આશરે ૫૦ શહેરોમાં તેમના ફેલાયેલાં આશરે ૨૦૦૦ સ્વયંસેવકો દ્વારા વ્યાપકપણે રાહતકાર્ય ચલાવી રહ્યું છે.

## ઘરે બનાવેલાં થેપલાંના પેકેટ્સ પર 'સબ ઠીક હો જાયેગાદ નો સંદેશ મૂકી શ્રમિકોને ધીરજ બંધાવી રહ્યાં છે મુંબઈગરાં



લોકડાઉન સતત લંબાતું જતાં હવે મજૂરો માટે શરૂ થયેલી ટ્રેનો અને બસોની લાઈનમાં ઊભેલાં શ્રમિકો તેમજ ટ્રકમાં ગોંધાઈને પોતાના ગૃહરાજ્ય તરફ પ્રવાસ કરતાં હજારો શ્રમિકોની પીડા પારખી શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરના મુંબઈમાં ફેલાયેલા સ્વયંસેવકોએ આ શ્રમિકો માટે ફૂડપેકેટ્સ પહોંચાડવાની સુવિધા કરી છે તો માત્ર ૧૭મી મેના રોજ એક દિવસમાં પાંચ કલાકમાં ૨૫,૦૦૦થી વધુ થેપલાંનું કલ્યાણ સ્ટેશને ટિકીટની લાંબી લાઈનમાં ઊભેલાં શ્રમિકોને વિતરણ કરાયું હતું.

સર્કલ ઓફ લવ એન્ડ કેરના નામે શરૂ થયેલ આ અભિયાનમાં અન્ય મુંબઈગરાં પણ જોડાયા અને

(અનુસંધાન ૯માં પાને)

# શ્રીમદ્ રાજચંદ્ર

## (ત્રીજા પાનાનું ચાલું)

દસ દિવસમાં સોશિયલ ડિસ્ટંસિંગ અને સુરક્ષાના ધોરણોને અનુસરી સંસ્થા દ્વારા શ્રમિકોને ૪,૮૦,૦૦૦ તાજા ઘરે બનાવેલાં થેપલાં, ૮૫,૦૦૦ બિસ્ટીક તેમજ નાસ્તાના પેકેટ્સ તથા ૬૦,૦૦૦ ફ્રૂટી વગેરે પીણાના પેકેટનું વિતરણ કરાયું છે. જેનો લાભ આશરે ૨,૬૫,૦૦૦ શ્રમિકોને મળી રહ્યો છે. વળી મુંબઈગરાં આ થેપલાંના પેકેટ્સ પર 'સબ ઠીક હો જાયેગા' એવો સંદેશ મૂકીને શ્રમિકોને ધીરજ ધરે છે. સમગ્ર મુંબઈના મુખ્ય રેલ્વે સ્ટેશનો, ટોલ નાકા, બસ ડેપો અને આંતરરાજ્ય ચેકપોઈન્ટ્સ પર લાખો શ્રમિકો, મહિલાઓ અને બાળકોને આ દ્વારા ભોજન મળી શક્યું છે. સીએસએમટી, થાણે, વરલી, કુર્લા, અંધેરી, બોરીવલી, ભાયંદર, સાયન, દહીંસર જેવા વિસ્તારોમાં આ સંસ્થાના સ્વયંસેવકોની સેવાને જોતાં હવે મજૂરોની સહાય માટે પાલિકા અધિકારીઓ, સ્થાનિક પોલીસ સ્ટેશનો, સરકારી કર્મચારીઓ તેમજ તહેસીલદારો પણ શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરનો સંપર્ક સાધે છે. આ સંસ્થા તેની નિસ્વાર્થ સેવાભાવનામાં લોકોને જોડી લઈ મુંબઈગરાં તેમજ શ્રમિકો વચ્ચે મજબૂત સેતુરૂપ બની ગયું છે.